/

ક્રમાંક : માવિ.૩/દિવ્યાંગ/૨૦૧૮/ ૧૨૮૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા.૧૦/૦૧/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
મા.અને ઉ.મા.શાળાઓ તમામ

વિષય: દિવ્યાંગો માટે વિશિષ્ટ પ્રકારના શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શ્રી કનુભાઈ ટેલર, પદ્મશ્રી એવોર્ડી, સુરતનો તા.૨૬/૧૨/૨૦૧૭ નો ઉક્ત વિષયવાળો પત્ર અત્રે મળેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. તો પત્રમાં જણાવેલ વિગતે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

<u>બિડાણ:</u> ઉપર મુજબ

**Kanubhai Tailor**
Padmashri Awardee

सत्यमेव जयते
Government of India

**Member**
Central Advisory Board on Disability
Dept. of Emp. of Persons with Disabilities,(Divyangjan)
Ministry of Social Justice Empowerment, GOI

**Representative**
National Council for Senior Citizens,Western Region,
Ministry of Social Justice Empowerment, GOI

**Member**
State Advisory Board on Disability
The Rights of Persons with Disabilities Act, 2016
Directorate of Social Defence Department, GOG

ડિવેટ્ર/પ્રબીકો/એડમીશન/૨૦૧૭-૧૮/૫૮૯

તારીખ:૨૬/૧૨/૨૦૧૭

પ્રતિ

આદરણીય **શ્રી રાણા દિલીપ કુમાર** આઇ.એ.એસ

આદરણીય કલેકટર શ્રી ,

જિલ્લા સેવા સદન,

બનાસકાંઠા.(પાલનપુર)

મહોદય,

આપને જણાવતા આનંદ થાય છે કે સુપ્રિમ કોર્ટ નાં ચિફ જસ્ટીસ શ્રી દિપક મિશ્રા, જસ્ટીસ શ્રી એ.એમ.ખાનવિલકર અને જસ્ટીસ શ્રી ધનંજય વાઈ ચંદ્રચુડ સદસ્યોની બનેલી બેંચ એ એક મહત્વનો ચુકાદો આપ્યો છે કે દિવ્યાંગો માટે વિશિષ્ટ પ્રકારનાં શિક્ષણ આપવા માટે અલગ વ્યવસ્થા કરવાની રહેશે. જેનાં લઈને દિવ્યાંગોને અભ્યાસ અને કારકિર્દી બનાવવામાં ખુબ ઉપયોગી થાય તેવા શિક્ષણ અને તાલીમ વ્યવસ્થા સરકારે અથવા બીન સરકારી સંસ્થાઓ (એનજીઓ) ની મદદથી તાકીદ વ્યવસ્થા ઉભી કરવી એવો આદેશ આપવામાં આવ્યો છે. અને તેનો અમલ તાકીદ કરશો તેવો હુકમ કરેલ છે.

આપને જણાવુ છુ કે **<u>ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા ( દિવ્યાંગ શિક્ષણ સંકુલ, શ્રીસાંઈ સમર્થ રેસિડન્સીની બાજુમાં, શારદાયતન સ્કુલ પાછળ, લેકવ્યુ ગાર્ડન સામે, ઉમરા, સુરત-૩૯૫૦૦૭)</u>** સંસ્થા ખાતે દિવ્યાંગો (શારીરિક અપંગો)ને વિનામુલ્યે શિક્ષણ આપતી ધોરણ ૧ થી ૧૨ ની શાળા સમાજ સુરક્ષા ખાતુ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ અને શિક્ષણ વિભાગની માન્યતાથી ૧૯૯૭ થી ચાલે છે. તેમજ ૨૦૧૪ થી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિર્વસીટી સંલગ્ન અને ભારતની પ્રથમ દિવ્યાંગો માટે વિનામુલ્યે શિક્ષણ સાથે રહેવા જમવાની સુવિધા આપતી પ્રભુ બી.સી.એ. કોલેજ શરૂ કરવામાં આવી છે. જેમાં ૨૦૧૭ માં પ્રથમ બેંચનાં ૨૨ વિદ્યાર્થીઓ સફળતાપુર્વક બી.સી.એ. (બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન)માં સ્નાતક થઈ ને તે તમામને નોકરી મળી ગઈ છે. આમ ૧૦૦% પરીણામ અને ૧૦૦% નોકરી અપાવનારી સંસ્થાનું ગર્વ આ સંસ્થા લઈ રહી છે.

હું આપશ્રીનું ધ્યાન દોરુ છું કે આપના વિસ્તારમાં / જીલ્લામાં **<u>ધોરણ ૧૨ કોમર્સ/સાયન્સ પાસ, ૪૦% થી વધુ દિવ્યાંગતા ધરાવતા (શારીરિક અપંગો) વિદ્યાર્થી ભાઈ / બહેનને આ કોલેજમાં વિનામુલ્યે રહેવા, જમવાની વ્યવસ્થા સાથે શિક્ષણ આપવામાં આવે છે.</u>** તો આપના વિસ્તારમાંથી ઓછા માં ઓછા ૫ (પાંચ) વિદ્યાર્થીઓ ને આ કોલેજમાં એડમીશન માટે જાણ કરી સંસ્થાનો સંપર્ક કરાવી આ માનવતાભર્યા યજ્ઞમાં આપનું યોગદાન આપવા વિનંતી. આ કોલેજમાં એડમીશન મેળવનાર તમામ વિદ્યાર્થીઓને વિનામુલ્યે શિક્ષણ અને હોસ્ટેલમાં રહેવા, જમવાની સુવિધા આપવામાં આવશે, તેમજ બી.સી.એ. પુર્ણ કર્યા બાદ તેમને નોકરી અપાવવાની ૧૦૦% ખાત્રી આપવામાં આવે છે.

આપના સહકરની અપેક્ષા સહ આભાર.

ઈન્ફોર્મેશન ગેલેરી, કલેક્ટર કચેરી
બનાસકાંઠા, પાલનપુર
શાખા :
કારકુન નંબર
01 JAN 2018
તારીખ

આપનો વિશ્વાસુ

(કનુભાઈ ટેલર)

President, Disable Welfare Trust of India, Prabhu General Hospital, Prabhu B.C.A. College
"Divyang Bhawan", B/h. Sharadayatan School, Opp.Lakeview Garden, Umara, surat-395007.
Gujarat, India. Mob. +91 9825110888, +91 261 2252942, 2252963
Email: disableindia@yahoo.com Website : www.disableindia.org